પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૨૮ ૯ ફેબ્રુઆરી, ૨૦૧૭, ગુરુવાર ; મહા સુદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ભગવત માનની પ્રધાનમંત્રીને વિશેષાધિકાર નોટીસ



લોકસભામાં રાષ્ટ્રપતિના પ્રવચનની આભાર દરખાસ્ત દરમ્યાન સંબોધનમાં પ્રધાનમંત્રીએ આમ આદમી પાર્ટીના સંસદસભ્ય ભગવત માન પર વ્યક્તિગત વ્યંગાત્મક ઉલ્લેખ કર્યો હોવાથી ભગવત માને પ્રધાનમંત્રી સામે વિશેષાધિકાર ભંગની નોટીસ આપી છે.

### શશીકલા રાષ્ટ્રપતિ ભવનમાં પરેડ માટે તૈયાર

તામીલનાડુના મુખ્યમંત્રીના



મામલે સર્જાયેલી ખેંચાખેંચના પરિણામે પદનામિત મુખ્યમંત્રી શશીકલા નટરાજને ૧૨૧ ધારાસભ્યોની રાષ્ટ્રપતિ ભવનમાં પરેડ માટે સમય માંગ્યો છે.

### દેશમાં ૪૦૦ રેલવે સ્ટેશન વર્લ્ડ ક્લાસ બનાવાશે



દેશના ૪૦૦ રેલવે સ્ટેશનને વર્લ્ડક્લાસનો દરજ્જો આપવાની જાહેરાત રેલવે બોર્ડ દ્વારા કરવામાં આવી છે. તે પૈકીના ૨૩ રેલવે સ્ટેશનો પર કામગીરીનો આરંભ કરાયો છે.

### કર્નલસિંગ એન્ફોર્સમેન્ટના ડાયરેક્ટર

કર્નલસિંગ એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર તરીકે નિમાયાની જાહેરાત કેબીનેટ એપોઈન્ટમેન્ટ એપ્રુવલ કમિટીએ કરી હતી.

### વર્લ્ડકપમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વિજયી શરૂઆત



વર્લ્ડકપમાં સ્થાન નિયત કરવા આરંભાયેલ ક્વોલીફાયરની પ્રથમ મેચમાં શ્રીલંકાની ટીમને ૧૧૪ રને હરાવી ભારતીય મહિલા ક્રિકેટ ટીમે બે પોઈન્ટ મેળવ્યા છે.

### અંગુરીભાભીને ચૂંટણી પ્રચારની ઓફર



ટીવી પર ખુબ જ લોકપ્રિય બનેલ ધારાવાહિક ''ભાભીજી ઘર પર હૈ''ની અભિનેત્રી શુભાંગી ઉર્ફે અંગુરીભાભીને ઉત્તરપ્રદેશમાં પ્રચાર માટે બન્ને મોટા પક્ષ તરફથી ઓફર કરવામાં આવી છે.

### વિદેશમાં ભારતીયોનું ૧૬૨૦૦ કરોડનું કાળુ નાણું

હજુ વિદેશોમાં ભારતીયોનું ૧૬૨૦૦ કરોડનું કાળુ નાણું જમા હોવાની માહિતી નાણામંત્રી અરૂણ જેટલીએ લેખિતમાં આપી હતી.

# તમિલનાડુમાં રાજકીય ધમાસાણ

**શશીકલાને ટેકો આપતા ધારાસભ્યો હવે હોટલમાં : પન્નીરસેલ્વમે શશીકલાની સામે બળવો કર્યા બાદ ગરમી વધી : રાજ્યપાલ સત્તાવાર રીતે શશીકલાને સરકાર રચવાનું આમંત્રણ આપે તેની તમામ ધારાસભ્યો રાહ જોઈ રહ્યા છે : પન્નીરસેલ્વમ લડાયક મૂડમાં આવ્યા**



ચેન્નાઈ,તા. ૮

તમિળનાડુમાં રાજકીય ગરમી વધી રહી છે. હાલમાં અન્નાદ્રમુકના મહામંત્રી વીકે શશીકલા કારોબારી મુખ્યપ્રધાન પન્નીરસેલ્વમ પર ભારે પડી રહ્યા છે. હવે બળવાની સ્થિતી દેખાઈ રહી છે. આજે સવારમાં પાર્ટી હેડ ઓફિસ પર મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં સામેલ થવા માટે ૧૩૦ ધારાસભ્યો પહોંચ્યા હતા. તમામે પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા. મોટા ભાગના ધારાસભ્યોએ શશીકલા પ્રત્યે પોતનુ સમર્થન દર્શાવ્યુ હતુ. સુત્રોએ કહ્યુ છે કે પન્નીરસેલ્વમને ચાર અથવા તો પાંચ ધારાસભ્યોનો જ ટેકો મળ્યો હતો. આવી સ્થિતીમાં પ્રથમ રાજકીય લડાઈ શશીકલા જીતતા દેખાઈ રહ્યા છે. જો કે આક્રમક બનેલા પન્નીર સેલ્વમે કહ્યુ છે કે તેઓ ગૃહમાં બહુમતિ સાબિત કરવા માટે તૈયાર છે. હવે તમામની નજર શશીકલા પર કેન્દ્રિત થઈ ગઈ છે. તેઓ ગવર્નર ચેન્નાઈ પહોંચ્યા બાદ મળનાર છે. ત્યારબાદ સરકાર રચવા માટે દાવો કરી શકે છે. બીજી બાજુ પન્નીરસેલ્વમે હવે જયલલિતાના મોત મામલે નવો મુદ્દો ઉઠાવ્યો છે. પન્નીરસેલ્વમના કહેવા મુજબ

● અનુસંધાન પાન-૭ પર

## પક્ષ સંગઠન પન્નીરસેલ્વમ સાથે હોવાનો દાવો કરાયો

**૧૪૦૦ જનરલ સભ્યો પૈકી મોટાભાગના સાથે છે**



ચેન્નાઈ,તા. ૮

તમિલનાડુમાં રાજકીય સંકટની સ્થિતિ પ્રવર્તી રહી છે ત્યારે વરિષ્ઠ પત્રકાર અને રાજકીય જાણકાર આર.રાજગોપાલનનું માનવું છે કે શશીકલાને ભલે ૧૩૦ ધારાસભ્યોનું સમર્થન મળી ગયું છે પરંતુ પાર્ટી કેડર પન્નીરસેલ્વની સાથે છે. એક ટીવી ચેનલ સાથેની મુલાકાતમાં રાજગોપાલને કહ્યું હતું કે અન્નાદ્રમુકમાં કુલ ૧૪૦૦ જનરલ કાઉન્સીલ મેમ્બરો છે. તેમાંથી મોટાભાગના જનરલ કાઉન્સીલ સભ્યો પન્નીરસેલ્વમના સમર્થનમાં છે. તેમનું માનવું છે કે માત્ર પાર્ટી કેડર જ નહીં બલ્કે સામાન્ય વોટરથી લઈને સોશિયલ મીડિયા સુધી તમામ લોકો પન્નીરસેલ્વમની સાથે દેખાઈ રહ્યા છે. રાજગોપાલનનું કહેવું છે કે નવેસરના સમીકરણો સંકેત

● અનુસંધાન પાન-૭ પર

# ૧૩મી માર્ચથી રોકડ ઉપાડની મર્યાદા હટશે

**૨૦ ફેબ્રુઆરીથી સપ્તાહમાં ૫૦ હજાર ઉપાડવાની છૂટ : બચત ખાતામાંથી રોકડ ઉપાડ માટે મર્યાદા બે તબક્કામાં દુર કરાશે : નીતિ સમીક્ષા જારી કરતા કરાયેલી જાહેરાત**

મુંબઈ,તા. ૮

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે જાહેરાત કરી હતી કે સાપ્તાહિક રોકડ ઉપાડ મર્યાદાને ૧૩મી માર્ચ બાદથી સંપૂર્ણપણે ખતમ કરી દેવામાં આવશે. રિઝર્વ બેંકે આજે જાહેરાત કરતા કહ્યું હતું કે બચત ખાતાથી રોકડ ઉપાડની મર્યાદા બે તબક્કામાં દુર કરવામાં આવશે. પ્રથમ તબક્કા હેઠળ ૨૦મી ફેબ્રુઆરીથી બચત ખાતામાંથી દર સપ્તાહમાં ૨૪૦૦૦ રૂપિયાની જગ્યા ઉપર ૫૦,૦૦૦ રૂપિયા સુધીની ઉપાડવાની છૂટછાટ આપવામાં આવશે. બીજા તબક્કામાં ૧૩મી માર્ચના દિવસે રોકડ ઉપાડ પર મુકવામાં આવેલી મર્યાદાને સંપૂર્ણપણે દુર કરી દેવામાં આવશે. આજે નાણાંકીય નીતિ સમીક્ષાની જાહેરાત કરતા રિઝર્વ બેંકે કહ્યું હતું કે ૨૭મી જાન્યુઆરી સુધી કુલ ૯.૯૨ લાખ કરોડ રૂપિયા મૂલ્યના ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નોટ સરક્યુલેશનમાં આવી ચુકી છે. નવી નાણાંકીય નીતિ સમીક્ષાની જાહેરાત વેળા આરબીઆઈના ડેપ્યુટી ગવર્નરે કહ્યું હતું કે રૂપિયા ૨૦૦૦ અને ૫૦૦ની બંને નોટોની કોપી કરવાની બાબત ખૂબ જ મુશ્કેલ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે એક વખતે જે બનાવટી નોટ પકડવામાં આવી હતી તે નવી નોટની ફોટો કોપી હતી. અત્રે નોંધનિય છે કે ગયા વર્ષે આઠમી નવેમ્બરના દિવસે નોટબંધીની જાહેરાત કરવામાં આવ્યા બાદથી

● અનુસંધાન પાન-૭ પર

# પોલિસી સમીક્ષામાં રેપો રેટ, રિવર્સ રેપો રેટ યથાવત

**આરબીઆઈની પોલિસી સમીક્ષામાં રેટ યથાવત રહેતા નિરાશા આશરે ૭૦થી વધુ બેન્કરોની ગણતરી ઉપર આરબીઆઈ પાણી ફેરવી દીધું જીડીપી ગ્રોથના દરનો અંદાજ ઘટાડીને ૬.૯ ટકા : સીઆરઆર પણ યથાવત**

મુંબઈ, તા. ૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ





જોવામાં આવી રહી હતી તે રિઝર્વ બેંકે આજે તેની નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરી હતી. આરબીઆઈ પોલિસી સમીક્ષામાં તમામ ચાવીરૂપ રેટ યથાવત રાખવામાં આવ્યા છે. રેપોરેટને ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કરાયો છે. જ્યારે રિવર્સરેપોરેટને ૫.૭૫ ટકાના દરે અને સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય લેવાયો છે. જોકે રિઝર્વ બેંકે તમામ નિષ્ણાતોની ગણતરીને ઉંધી વાળી દીધી છે. એવી ગણતરી ચાલી રહી હતી કે આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવશે પરંતુ આજે તમામ અંદાજોને ખોટા પુરવાર કરીને રેપોરેટને ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવતા તેની ચર્ચા રહી હતી. આશરે ૭૦ જેટલા બેંકરોના અંદાજ ઉપર પાણી ફેરવી દઈને રેટ યથાવત રખાયા હતા. બેંકે જીડીપી ગ્રોથને અગાઉના અંદાજમાં પણ ઘટાડો કરી દીધો છે. રિઝર્વ બેંકે વર્તમાન નાણાંકીય વર્ષ માટે જીડીપી ગ્રોથના દરના અંદાજને ૬.૯ ટકા કરી દીધો છે. આ પહેલા સાતમી ડિસેમ્બર ૨૦૧૬ની સમીક્ષામાં આરબીઆઈએ દેશના આર્થિક વિકાસ દરને ૭.૧ ટકા રાખવાનો અંદાજ મુક્યો હતો.

## ભારત-બાંગ્લાદેશ વચ્ચે આજથી એકમાત્ર ટેસ્ટ મેચ

હૈદરાબાદ,તા. ૮

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આવતીકાલથી હૈદરાબાદમાં એકમાત્ર ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે લાંબા ગાળા બાદ ટેસ્ટ મેચ રમાઈ રહી છે. જેને લઈને ભારે રોમાંચની સ્થિતિ પ્રવર્તી રહી છે. ઘરઆંગણે ટેસ્ટમાં ઈંગ્લેન્ડને હાર આપ્યા બાદ ભારતીય ટીમ ફરીવાર જોરદાર દેખાવ કરવા માટે સજ્જ છે. ભારત તરફથી તમામ સ્ટાર ખેલાડીઓ ઉપર નજર રહેશે. જેમાં કેપ્ટન વિરાટ કોહલી અને રહાણેનો સમાવેશ થાય છે. કરૂણ નાયરને ટીમમાં સામેલ કરાશે કે કેમ તેને લઈને હજુ સસ્પેન્સની સ્થિતિ છે.વિરાટ કોહલીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા વધુ શક્તિશાળી દેખાઈ રહી છે. ટીમમાં રહાણે, કરૂણ નાયર, જયંત યાદવ જેવા શક્તિશાળી ખેલાડીઓ છે. રવિન્દ્ર જાડેજા અને અશ્વિન જેવા બોલરો પણ રહેલા છે તે જોતા ભારતીય ટીમ હોટફેવરીટ તરીકે મેદાનમાં ઉતરશે.

# મનમોહનસિંઘ પર મોદીના પ્રહાર : કોંગ્રેસનો વોકઆઉટ

**રેઈનકોટ પહેરીને નહાવાનું સિંઘ પાસેથી કોઈ શીખે : સિંઘ મહત્વના હોદ્દાઓ પર રહ્યા, આ ગાળા દરમિયાન ઘણા કૌભાંડો થયા છતાં તેમના ઉપર કોઈ કલંક ન લાગ્યા**

નવી દિલ્હી, તા.૮

રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના આભાર પ્રસ્તાવમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘ ઉપર ખૂબ જ કઠોર ટિપ્પણી કરી હતી. જેના કારણે કોંગ્રેસે વોકઆઉટ કર્યો હતો. વડાપ્રધાન નોટબંધીના વિરોધમાં કોંગ્રેસ તરફથી જારી પુસ્તિકાના મુદ્દા ઉપર વાત કરી રહ્યા હતા. આ ગાળા દરમ્યાન મોદીએ કહ્યું હતું કે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘ ૭૦ વર્ષની આઝાદીના હજુ સુધીના ઈતિહાસમાં અડધા સમય સુધી મહત્વપૂર્ણ આર્થિક હોદ્દા ઉપર રહ્યા હતા અને આ ગાળા દરમ્યાન ખૂબ જ મોટા કૌભાંડો થયા હતા. છતાં તેમના ઉપર કોઈ કલંક લાગ્યા ન હતા. વડાપ્રધાને ટકોર કરતા કહ્યુ હતું કે બાથરૂમમાં રેનકોટ પહેરીને નહાવાની બાબત કોઈ ડોકટર સાહેબ મનમોહનસિંઘથી શીખે. મોદીની આ ટિપ્પણી બાદ રાજ્યસભામાં ભારે હોબાળો થયો હતો. કોંગ્રેસ સાંસદ પોતાની સીટોથી ઉભા થઈને ગૃહની વચ્ચોવચ આવી ગયા હતા. આ ટિપ્પણીને અપમાનજનક ગણાવીને વોકઆઉટ કરી ગયા હતા. વડાપ્રધાનના નિવેદન દરમિયાન બે વખત જોરદાર હોબાળો થયો હતો. ઈન્દિરા ગાંધી પર ટિપ્પણી દરમિયાન પણ હોબાળો થયો હતો. નોટબંધી પર વિપક્ષના પ્રશ્નોનો જવાબ આપતા અને તેનાથી થયેલા ફાયદાનો ઉલ્લેખ કરતા મોદીએ કેટલીક વાત કરી હતી. મોદીએ પૂર્વ



વહીવટીકાર ગોડબેલાના પુસ્તકને ટાંકતા કહ્યું હતું કે ઈન્દિરા ગાંધીએ પોતાના શાસનકાળમાં વાંગચુ કમિટીની નોટબંધીની ભલામણો માની ન હતી. પુસ્તકને ટાંકતા મોદીએ કહ્યું હતું કે ઈન્દિરા ગાંધીએ કહ્યું હતું કે અમને આગામી ચૂંટણીઓ પણ લડવી છે. આ અગાઉ ભાજપની સંસદીય બેઠક પણ યોજાઈ હતી. આજે રાજ્યસભામાં વડાપ્રધાનના નિવેદન દરમિયાન હોબાળો થયો હતો. તેમણે કહ્યું હતું કે તેમણે જે કંઈપણ વાત કરી છે તેનો ઉલ્લેખ પુસ્તકમાં કરાયો છે. જો કોઈ કોંગ્રેસીને પરેશાની છે તો કેસ કરી શકે છે. મોદીએ સંસદના બંને ગૃહોમાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર પોતાની રજુઆત કરી હતી. મોદીએ નોટબંધી બાદ બોગસ નોટ અને ટેરર ફંડીગના મુદ્દા પર વિપક્ષ પર પ્રહાર કર્યા હતા. તેમણે ઉમેર્યુ હતું કે ૭૦૦થી વધુ માઓવાદી શરણાગતિ સ્વીકારી ચુક્યા છે.

# ઉત્તરપ્રદેશમાં પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૮૩૯ ઉમેદવાર મેદાનમાં

**૧૬૮ ઉમેદવારો સામે અપરાધિક મામલા છે : પ્રથમ તબક્કામાં કુલ ૭૩ બેઠકો માટે ૧૧મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે : ૩૦૨ કરોડપતિ ઉમેદવારો મેદાનમાં**

લખનૌ,તા. ૮

ઉત્તરપ્રદેશમાં પ્રથમ તબક્કાના મતદાન માટે તખ્તો તૈયાર થઈ ગયો છે. ૧૧મી ફેબ્રુઆરીના દિવસે સાત તબક્કાના મતદાન પૈકી પ્રથમ તબક્કામાં મતદાન યોજાનાર છે. જેની તમામ તૈયારી ચૂંટણી પંચ અને વહીવટીતંત્ર દ્વારા કરી લેવામાં આવી છે. પ્રથમ તબક્કામાં પશ્ચિમ ઉત્તરપ્રદેશના મેરઠ, બાગુપત, મુઝફ્ફરનગર, ગાજિયાબાદ, સહારનપુર અને આસપાસના જિલ્લામાં મતદાન યોજનાર છે. આના માટે ચૂંટણી પંચે તમામ તૈયારી કરી લીધી છે. ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવા અને આની તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ પ્રથમ તબક્કામાં પશ્ચિમ ઉત્તરપ્રદેશની કુલ ૭૩ બેઠકો પૈકી ૮૩૯ ઉમેદવારો પૈકી ૮૩૬ના એફિડેવિટના આધાર પર તપાસ કરવામાં આવી ચુકી છે. એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ યુપી ઈલેક્શન વોચ દ્વારા રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યા બાદ કેટલીક ચોંકાવનારી વિગત સપાટી પર આવી હતી. રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે ચૂંટણીમાં ૧૬૮ ઉમેદવારો એવા છે જેમની સામે અપરાધિક કેસ રહેલા છે. આ અપરાધિક કેસ પૈકી ૧૪૩ તો એવા છે જ ઉમેદવારો સામે ગંભીર પ્રકારન કેસ રહેલા છે.

ૐકાર ક્લાસીસ
તલાટી-જુ. ક્લાર્ક
ફ્રી MOCK TEST
તા.૬-૦૨-૨૦૧૭ થી ૧૦-૦૨-૨૦૧૭ સુધી, સમય : ૧૧ થી ૨
નોંધ : ફોન પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
Mo. 9879922620, 9909000388

GPSC 1/2 પ્રિલિમની બેચ શરૂ
બેચનો સમય : સવારે ૭.૩૦થી ૯.૩૦
વર્ગ-૩ની જનરલ બેચ શરૂ
ૐ ક્લાસીસ 2001થી આપની સેવામાં દિલીપ પટેલ નીતા પટેલ
ખ-૦ સર્કલ, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર
704343 1111, 97121 43102
ઓફિસ સમય : 10 થી 4, રવિવારે રજા

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય